# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

સત્યમેવ જયતે

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/સ.સા.યો./૨૦૨૦/૨૧૦ તા.૦૬/૦૮/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓ તમામ

જિ.ભાવનગર

વિષય : જાહેર હિસાબ સમિતી વિધાનસભાની તા.૦૪/૦૬/૨૦૧૯ ની બેઠક અનુસંધાને સાયકલ સહાય યોજના અંતર્ગત માહિતી મોકલી આપવા બાબત.

સંદર્ભ : જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરી, ભાવનગરના પત્રાંક : વિજાક/સ.સા.યો./૨૦-૨૧/૩૪૨૯ તા.૩૦/૦૭/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સરસ્વતી સાધના યોજના અંતર્ગત સામાજિક અને શૈક્ષણિક રીતે પછતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓની સંદર્ભિત પત્ર મુજબ જાતિવાર, વર્ષવાર અને નામવાર માહિતી પત્રક-બ મુજબ વર્ષ : ૨૦૧૦-૧૧ થી ૨૦૧૮-૧૯ સુધીની માહિતી નિયત પત્રકમાં(પત્રક-બ) Excel Sheet માં શ્રુતિ ફોન્ટમાં તૈયાર કરી દિન-૧૦ માં સોફ્ટ કોપી bhavnagarvj@gmail.com **મેઇલ આઇડી પર મેઇલ કરવો તેમજ હાર્ડકોપી જિલ્લા નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિની કચેરીમાં** મોકલી આપવા આથી જણાવવામાં આવે છે. ઉક્ત બાબતે માહિતી નહી મળે તથા કોઇ કસુર થશે તો આપની અંગત જવાબદારી રહેશે, જેની ખાસ નોંધ લેવી.

બિડાણ : પત્રક-બ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

નકલ રવાના જાણ સારૂ :

જિલ્લા નાયબ નિયામકશ્રી,
વિકસતી જાતિની કચેરી,
જિલ્લા સેવાસદન-૨, જી-૬,
એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર

Scanned with CamScanner

જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,
જિલ્લાસેવાસદન–૨, જી–૬, એનેક્ષી બિલ્ડીંગ, ભાવનગર
ફોનનં.(૦૨૭૮) ૨૪૨૨૬૯૬ ઈ–મેઈલ : bhavnagarvj@gmail.com

નં. વિજાક/સ.સા.યો./૨૦–૨૧/ ૩૪૨૯. તા. ૩૦ / ૦૭ / ૨૦૨૦

**તાત્કાલિક**
**ખૂબ જ અગત્યનું**

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
ભાવનગર.

**વિષય :– જાહેર હિસાબ સમિતી વિધાનસભાની તા.૪/૬/૧૯ ની બેઠક અનુસંધાને સાયકલ સહાય યોજના અંતર્ગત માહિતી મોકલી આપવા બાબત.**
**સંદર્ભ :– માન. નિયામકશ્રી, વિ.જા.ક. ખાતુ, ગુ.રા. ગાંધીનગરના પત્રનં. વિજાક/શિક્ષણ/સસાયો/૨૦૨૦–૨૧/૧૫૦૧ થી ૧૫૩૭ તા.૨૭/૦૭/૨૦૨૦**

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, વિધાનસભા જાહેર હિસાબ સમિતીની તા.૪/૬/૧૯ ની બેઠક અન્વયે સાયકલ સહાય યોજના અંગે વર્ષ:૨૦૧૦–૧૧ થી ૨૦૧૮–૧૯ સુધીની પત્રક – અ તથા પત્રક – બ માં માહિતી માંગવામાં આવેલ હોય, અત્રેની કચેરીના પત્રનં. વિજાક/સ.સા.(સાયકલ)/૨૦૧૯–૨૦/રૂબરૂ તા.૨૨/૭/૧૯ ના પત્રથી માહિતી માંગવામાં આવેલ હતી (નકલ સામેલ છે.) તા.૨૧/૦૭/૨૦૨૦ ના રોજ માન. અગ્રસચિવશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ PAC / PRC પારા અંગેની મિટીંગમાં તાત્કાલિક માહિતી પૂરી પાડવા જણાવેલ છે, તેમજ માહિતી મોકલવામાં વિલંબ બદલ જવાબદારી નક્કી કરવા અંગેની ચર્ચા થયેલ હોય, જેથી આ બાબતે ભવિષ્યમાં જવાબદારી નક્કી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે માટે જાહેર હિસાબ સમિતીની અગત્યની બાબત હોય, ટોચ અગ્રતા આપી સરસ્વતિ સાધના યોજનાની સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ અને આર્થિક રીતે પછાતવર્ગની કન્યાઓની જાતિવાર, વર્ષવાર નામ વાર માહિતી તુર્ત જ મોકલવાની છે. સામેલ પત્રક–બ ની વર્ષ:૨૦૧૦–૧૧ થી વર્ષ : ૨૦૧૮–૧૯ સુધીની વર્ષવાર માહિતી નિયત પત્રકમાં એક્ષસલ સીટમાં, શ્રુતિ ફોન્ટમાં તૈયાર કરી દિન–૧૦ માં સોફ્ટ કોપી ઉકત ઈ–મેઈલ ધ્વારા તથા હાર્ડકોપીમાં અત્રેની કચેરીને મોકલી આપવા આપની કક્ષાએથી ભાવનગર જિલ્લાની દરેક હાઈસ્કુલોના આચાર્યશ્રીઓને સુચના આપવામાં આવે તે અંગે અંગત લક્ષ આપવા વિનંતી છે.

આપ સાહેબના સહકારની અપેક્ષા સહ...

જિલ્લા નાયબ નિયામક
વિકસતી જાતિ ભાવનગર

**બિડાણ :– પત્રક–બ.**

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
ભાવનગર
આવક નં. 2350
તારીખ : 4/8/20
શાખા : યોજના

**નકલ સવિનય રવાના :–**
માન. નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતુ, ગુ.રા.
ગાંધીનગર. – જાણ સારૂ...

Scanned with CamScanner

# જિલ્લા નાયબ નિયામક, વિકસતી જાતિની કચેરી,

ડે. જી--૬, એનેક્ષી બિલ્ડીંગ, બહુમાળી ભવન, ભાવનગર
ફોનનં. (૦૨૭૮) ૨૪૨ ૨૬ ૯૬ ઈ-મેઈલ આઈ.ડી. : dydir-dc-sw-bav@gujarat.gov.in

નં.વિજાક/સ.સા.(સાયકલ)/૨૦૧૯-૨૦/રૂબરૂ તા.
૨૨/૦૭/૨૦૧૯

ખુબ જ અગત્યનું સમય મર્યાદા

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
બહુમાળી ભવન,
ભાવનગર.

**વિષય:- જાહેર હિસાબ સમીતી, વિધાનસભાની તા: ૦૪/૦૬/૨૦૧૯ની બેઠક અનુસંધાને "સરસ્વતી સાધના યોજના" ની છેલ્લા દસ વર્ષની માહિતી સત્વરે મંગાવવા બાબત.**
**સંદર્ભ:- ૧) નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરના તા: ૧૯/૦૭/૨૦૧૯ના પત્રનં: વિજાક/ શિક્ષણ/સ.સા.યો./૧૯-૨૦/૨૧૨૪ થી ૨૧૫૬**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, જાહેર હિસાબ સમીતી, વિધાનસભાની તા:૦૪/૦૬/૨૦૧૯ના રોજ બેઠક મળેલ હતી જેમાં વિના મુલ્યે અપાતી સાયકલ યોજના અંતર્ગત જરૂરી માહિતી સંદર્ભીત પત્રથી જણાવ્યા મુજબ પુરી પાડવાની થાય છે. (નકલ સામેલ છે.) મુખ્યત્વે નીચે મુજબની વિગતે જાહેર હિસાબ સમીતીની માહિતી પુરી પાડવી જરૂરી છે આથી ટોચ અગ્રતા આપવા વિનંતી છે.

૧. છેલ્લા દસ વર્ષમાં શાળા કક્ષાએ ક્યારે સાયકલો મળી?

૨. મળેલ સાયકલો લાભાર્થીને ક્યારે વિતરણ કરી?

૩. વિતરણ કરેલ સાયકલ નો ઉપયોગ વિધાર્થિનીઓએ કેટલા સમય સુધી કરેલ છે?

૪. તેમજ હાલમાં આ સાયકલ અંગેની સ્થિતી

- અંગેની લાભાર્થીવાઇઝ માહિતી આ સાથે નિયતપત્રકમાં દિન – ૦૭ માં શાળાએ પુરી પાડવાની થાય છે.

જાહેર હિસાબ સમિતિએ માંગેલ વિગત હોઇ, તેની ગંભીરતાની નોંધ લઇ આ સાથે સામેલ પત્રક -- બમાં વર્ષ વાર માહિતી તાત્કાલિક અત્રેની કચેરીને વર્ષવાર સોફ્ટકોપી, એક્સેલ શીટમાં શ્રુતિ ફોન્ટમાં તૈયાર કરી મોકલી આપવાની રહેશે.

બિડાણ : સંદર્ભીત પત્ર અને સાથેનું પત્રક – બ

જિલ્લા નાયબ નિયામક (વિ.જા)
ભાવનગર.

Scanned with CamScanner

પત્રક – બ

જાહેર હિસાબ સમિતિ, વિધાનસભા, ગુજરાત દ્વારા માંગવામાં આવેલ માહિતી અન્વયે પુરી પાડવાની થતી માહિતી અંગેનું પત્રક

શાળાનું નામ: .............................................. તા: ................................ જિ: .............................

વર્ષ : ............................................

| અ.નં | વિદ્યાર્થીનીનું નામ | વિદ્યાર્થીનીની જાતિ/પેટા જાતિ | વિદ્યાર્થીનીની શાળાનું નામ | શાળાનો તાલુકો | વિદ્યાર્થીનીના પિતા/વાલીની વાર્ષિક આવક | વિદ્યાર્થીનીને ક્યારે સાયકલ પુરી પાડવામાં આવી (તારીખો લખવી | વિદ્યાર્થીનીને વિતરણ કરવામાં આવેલ સાયકલ કેટલા સમય સુધી ઉપયોગ કરવામાં આવી? | હાલ આ સાયકલ ક્યાં છે? | રીમાર્કર્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |
| | | | | | | | | | |

સહિ / સિક્કો

નોંધ: ઉક્ત માહિતી (છેલ્લા દસ વર્ષની) વર્ષવાર અલગ અલગ પત્રકમાં આપવાની રહેશે.

Scanned with CamScanner